**સમરી સ્યુટ નંબર ૩૧૬/૨૦૨૦**

**આંક–૮ હેઠળ હુકમ**

વાદીના તરફે વ.શ્રી : જે. ટી. જૈન
પ્રતિવાદી તરફે વ.શ્રી : એ.જી. મન્સુરી

**Corum : Mr. Z.N. Munshi, Judge**

૧. વાદી દ્વારા હાલનો દાવો લાવી પ્રતિવાદીઓ વિરૂધ્ધ લેણી રકમનો દાવો દાખલ કરેલ છે. તેમજ દાવા અરજી સાથે હાલની મનાઇ અરજી દાખલ કરેલ હોય, જેથી સામાવાળાને નોટીસ કરવામાં આવેલ.

૨. સામાવાળાને નોટીસ બજતા તેઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ તથા આંક-૧૯થી જવાબ તથા આંક-૨૧થી પુરાવા લીસ્ટ રજુ રાખેલ.

૩. વાદીના વિ.વ.શ્રીની રજુઆત છે કે તેઓનુ કાયદેસરનુ લેણુ છે તથા વાદગ્રસ્ત મિલકત પ્રતિવાદીના પતિના નામે હોય, પ્રતિવાદીના નામે તેઓ કામ કરતા હોય, તેમજ પતિ પત્ની હોય, જો મિલકત વેચી દે તો લેણી મિલકત વસુલ મળી શકે તેમ ના હોય, તેમજ પ્રતિવાદીના પતિ થતા હોય તેથી પ્રતિવાદીની પણ જવાબદારી ગણાય તેમજ મોહમદભાઇ જ પ્રતિવાદીના નામે ધંધો કરતા હોય, તેવા સંજોગોમાં મનાઇ અરજી મંજુર કરવા અરજ છે.

૪. પ્રતિવાદી ના વિ.વ.શ્રીની રજુઆત છે કે જે મિલકત માટે મનાઇ હુકમ માંગેલ છે તે મિલકત મોહમદભાઇ મન્સુરીના નામે છે. સન કેમ ના પ્રોપરાઇટર ફરજાનાબાનુ એટલે કે હાલના પ્રતિવાદી છે. મોહમદભાઇ સન કેમ નો વ્યવહાર કરે છે તેવો કોઇ પુરાવો રજુ કરેલ નથી. તેમજ નિ. ૨૧/૧થી ૨૧/૩ સુધી ના રજુ દસ્તાવેજો મુજબ સન કેમમાં ફરજાનાબાનુ લખેલ છે. જ્યારે નિ. ૨૧/૫થી રજુ દસ્તાવેજમાં મોહમદભાઇ નામ લખેલ છે. વધુમાં, મોહમદભાઇને હાલના દાવામાં જોડેલા નથી કે પુરાવો રજુ કરેલ નથી. તેમજ હાલનો દાવો પેઢી સામે કરેલ છે. જ્યારે મનાઇ હુકમ અંગત મિલકત સામે માંગેલ છે જે વ્યવહાર થયેલ છે તે પેઢી સાથે થયેલ છે. તેમાં ક્યાય પણ મોહમદભાઇ જોડાયેલા નથી. વધુમાં, સદર મિલકત મોહમદભાઇ એ ૨૦૦૪માં લીધેલી. તેમજ પ્રતિવાદી સાથે મોહમદભાઇ સાથે રહિ ધંધો કરે છે તેવો કોઇ પુરાવો રજુ કરેલ નથી. જેથી હાલની અરજી રદ્દ કરવા અરજ કરેલ છે.

૫. બન્ને પક્ષોની દલીલ સાંભળી. હાલના કામે પ્રતિવાદી સામે લેણી રકમાના બે દાવા દાખલ થયેલ હોય તેમજ બન્ને કેસોમાં બન્ને તરફે એક સાથે દલીલ કરવામાં આવેલ છે. અરજી તથા બન્ને પક્ષે રજુ દસ્તાવેજી પુરાવા તેમજ આંક-૧૯થી રજુ

પ્રતિવાદીનો જવાબ તેમજ આંક-૨૨થી રજુ વાદીનું રીજોઇન્ડર ધ્યાને લીધુ. વાદી દ્વારા તેઓની દાવા અરજી તથા કામ ચલાઉ મનાઇ અરજીમાં તેઓ ઉત્પાદક હોઇ અને પ્રતિવાદી તેમના ગ્રાહક હોય ઓર્ડર મુજબ પ્રતિવાદીને રજુ રાખેલ બીલો મુજબનો માલ મોકલી આપેલ હોય, તેની બાકી રહેતી રકમ માટેનો દાવો કરેલ હોય, જે અંગેની ઇન્કારી પ્રતિવાદી દ્વારા લેવામાં આવેલ છે. હાલની અરજીને ધ્યાને લેતા વાદી દ્વારા અરજીના મથાળે જણાવેલ મિલકત પ્રતિવાદી અન્ય કોઇને ટ્રાન્સફર કે એસાઇન કે વેચાણ અથવા બક્ષીસ કરે કરાવે નહિ તેવો કામચલાઉ મનાઇ હુકમ માંગેલ છે. વાદી દ્વારા રજુ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેતાં, જે મિલકત માટે મનાઇ હુકમ માંગેલ છે તે મિલકત પ્રતિવાદીના નામે આવેલ હોય, તેવો કોઇ પુરાવો રજુ કરેલ નથી. તેઓની દલીલ મુજબ મોહમદભાઇ સન કેમનો તમામ વ્યવહાર કરતા હોઇ તથા ફરજાનાબેન તથા મોહમદભાઇ પતિ પત્ની થતા હોય, જેથી પતિની પણ જવાબદારી ઊભી થતી હોવાની દલીલ કરેલ છે. પ્રતિવાદી દ્વારા આંક-૨૧થી રજુ લીસ્ટ મુજબ નિ. ૨૧/૧થી નિ. ૨૧/૪ સુધીના દસ્તાવેજો મુજબ સન કેમ એન્ટરપ્રાઇઝના પ્રોપરાઇટર તરીકે ફરજાના બાનુ હોવાનુ જણાઇ આવે છે. જયારે નિ. ૨૧/૫ તથા નિ. ૨૧/૬ મુજબ દાવાના મથાળે દર્શાવેલ મિલકત મોહમદભાઇ મન્સુરીના નામે આવેલ હોવાનું ફલિત થાય છે. વાદગ્રસ્ત મિલકત સામે વાદી મનાઇ હુકમ મેળવી શકે કે કેમ તે બાબતને ધ્યાને લેતા, વાદગ્રસ્ત મિલકત પ્રતિવાદી પેઢીની માલિકીની હોવાનુ જણાઇ આવગતુ નથી. પરંતુ સદર મિલકત રહેણાંકના હેતુ માટેની આવેલ હોવાનુ તથા મોહમદભાઇના નામે આવેલ હોવાનુ જણાઇ આવે છે. વધુમાં, પ્રતિવાદી તરફે સન કેમ એન્ટરપ્રાઇસ દાવાના મથાળે તથા હાલની અરજીના મથાળે લખેલ છે. તેમજ પ્રતિવાદી તરફે રજુ પુરાવાને ધ્યાને લેતા સન કેમના પ્રોપરાઇટર તરીકે ફરજાના બાનુ હોવાનુ જણાઇ  આવે છે તેવા સંજોગોમાં જે મિલકત સામે મનાઇ હુકમ માંગેલ છે તે મિલકતના માલિકને હાલમાં પક્ષકાર તરીકે જોડેલ નથી  કે તેઓ સન કેમ એન્ટરપ્રાઇસના પ્રોપરાઇટ છે તેવો કોઇ પુરાવો રજુ કરેલ નથી. તેવા સંજોગોમાં જે વ્યકિત હાલના દાવામાં પક્ષકાર ના હોય તે વ્યકિતને અસર થાય તેવો કોઇ મનાઇ હુકમ તેમની ગેરહાજરીમાં તેની વિરૂધ્ધ આપી શકાય નહિ. વધુમાં, પ્રતિવાદીની પેઢીની કોઇ મિલકત સામે હાલના કામે મનાઇ હુકમની કોઇ માંગણી કરવામાં આવેલ નથી કે મનાઇ અરજી મુજબની મિલકત પેઢીના નામે આવેલ છે તેવો પણ કોઇ પુરાવો વાદી દ્વારા રજુ રાખવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં જ્યારે હાલનો દાવો પેઢી સામે કરવામાં આવેલ હોય જેથી જે મિલકત પેઢીના નામે આવેલ ના હોય, કે પેઢીના પ્રોપરાઇટરના નામે આવેલ ના હોય તેવી કોઇ મિલકત ફક્ત પેઢીના પ્રોપરાઇટર તેમના પત્ની થાય છે તેવા કારણ માત્રથી તે મિલકત સામે મનાઇ હુકમ આપી શકાય નહિ. વધુમાં, વાદીના વિ.વ.શ્રીની રજુઆત મુજબ મોહમદભાઇ જ તમામ વ્યવહારો કરતા હોવાનુ જણાવેલ હોય, જેથી મનાઇની માંગણી કરેલ છે પરંતુ હાલના કામે તેઓ દ્વારા મોહમદભાઇને પક્ષકાર તરીકે

જોડેલ નથી તેવા સંજોગોમાં પણ જે વ્યક્તિ દાવામાં પક્ષકાર ના હોય તેને અસર થતો કોઈ પણ હુકમ વાદી મેળવવા પાત્ર છે તેવુ માની શકાય નહિ.

૬. ઉપરોક્ત ચર્ચાને ધ્યાને લેતા વાદીની મનાઈ અરજી મંજુર થવાપાત્ર ન હોવાનું જણાઈ આવે છે. મનાઈ અરજી મંજુર કરતી વખતે પ્રથમ દર્શનિય કેસ તથા સગવડતા અગવડતાની સમતુલા તેમજ નાણાંમાં ના આંકી શકાય તેવુ નુકસાન એમ ત્રણ બાબતો ધ્યાનમાં લેવાની રહે છે. હાલના કેસમાં વાદીનો પ્રથમ દર્શનિય કેસ નથી. વાદી ધ્વારા જે મિલકત સામે મનાઈ હુકમ માંગેલ છે તે મિલકત સન કેમ એન્ટરપ્રાઈસ સાથે કોઈ પણ રીતે જોડાયેલ હોય તેવો કોઈ પુરાવો વાદીએ રજૂ કરેલ નથી તેમજ સદર મિલકતના માલિક હાલના કેસમાં પક્ષકાર નથી. તેમજ સગવડતા-અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં નથી. વાદી ધ્વારા જે મિલતક સામે મનાઈ હુકમ માંગેલ છે તે મિલકત રહેણાંકના હેતુ માટેની છે. તેમજ હાલનો દાવો પેઢી સામે કરવામાં આવેલ છે તેવા સંજોગોમાં પેઢી સામેના દાવામાં રહેણાંકની મિલકત સામે મનાઈ હુકમ આપી શકાય નહિ. તેજ રીતે જો મનાઈ હુકમ આપવામાં આવે તો મોહમદભાઈ  કે જે હાલના કેસમાં પક્ષકાર નથી તેમજ જે મિલકત સામે મનાઈ હુકમ માંગેલ છે તે મિલકત પેઢી સાથે જોડાયેલ ના હોય કે પેઢીના નામે ના હોય તેવા સંજોગોમાં મનાઈ હુકમ આપવાથી વાદી કરતા પ્રતિવાદીને નાણાંમાં આકી ન શકાય તેવુ નુકસાન થાય તેમ હોય તેવા સંજોગોમાં કામચલાઉ મનાઈ હુકમ આપતી વખતે ધ્યાનમાં લેવાના ત્રણ નિયમો પૈકી એક પણ નિયમ વાદીની તરફેણમાં ના હોય, તેવા સંજોગોમાં વાદીની હાલની કામ ચલાઉ મનાઈ હુકમની અરજી મંજુર થવા પાત્ર ના હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

૧. વાદિની હાલની કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટેની અરજી આથી ના મંજુર કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગેનો હુકમ દાવાના આખરી નિર્ણય સાથે કરવામાં આવશે.

તારીખ – ૦૮/૦૩/૨૦૨૧
અમદાવાદ.

ઝેડ.એન.મુન્શી
જજ
(ચેમ્બર કોર્ટ)
સ્મોલ કોઝ કોર્ટ નં-૧૩
અમદાવાદ